સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

બધા સમાજના બેન્ક ખાતાંની 'માહિતી' તો માગો!
મોટા સમાજની જોહુકમી સામે કોઈ તો જાગો!
શાંત દેખાતા નાગો મારે છે અચાનક ફૂંફાડા
ચૂંટણી ટાણે ગાંડા થતા સાંઢોને કોઈ તો નાથો !
(જ્ઞાતિ પ્રમાણે કયા સમાજનાં ખાતાં વધારે છે?)

હાઈકુ

રોકશો નહીં
ખાવા દેજો, એમનો -
પોષણ માસ !!!
(ચૂંટણી, પૂર્વ તૈયારી)

'ભારત બંધ!'
દિલ્હી-ધરતી કંપ !!
યોગાનુયોગ ?!
(દિલ્હીને આંચકા)

ચિંતન

નાસ્તિ વિદ્યાસમં ચક્ષુર્નાસ્તિ સત્યસમં તપઃ ।
નાસ્તિ રાગસમં દુઃખં નાસ્તિ ત્યાગસમં સુખમ્ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યા સમાન કોઈ નેત્ર નથી, સત્યના આચરણ સમાન કોઈ તપ નથી, રાગ-આસક્તિ-મોહ સમાન કોઈ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઈ સુખ નથી.

જીવનનાં બધા જ દુઃખ - આપત્તિઓનું મૂળ આસક્તિ - મમતા મોહનો ત્યાગ કરવાની મન-આત્મા શાંત થઈ જાય છે અને મન-જીવ-તપ-ભક્તિમાં સ્થિર થાય છે.

... અને સત્યના આચરણની શક્તિ મળે છે. દિવ્યજ્ઞાન એટલે જ દિવ્યનેત્ર.

સુવિચાર

- ઊંઘતા તમામ માણસો સજ્જન હોય છે. એટલા સમય પૂરતા તો સજ્જન હોય જ છે, પણ જાગતા બધાં માણસો વિશે આવું કહી શકાશે ?? - **રતિલાલ બોરીસાગર**
- ઈશ્વર તમારા ચાંદ કે ઈલ્કાબ કે ડિગ્રી નહીં જુએ, તમારા ઘા જોશે - **સંત રોબર્ટ**
- તમે જયાં જુઓ ત્યાં અલ્લાહનું મુખ છે - **કુરાન**
- ઈશ્વરનું કામ કરનારો કદી એકલો નહીં હોતો - **ગાંધીજી**
- આત્મા તો સત્ય, તપ, જ્ઞાન અને બ્રહ્મચર્યથી પ્રાપ્ત થશે - **મુંડક ઉપનિષદ**
- સર્વ વર્ણ બ્રાહ્મણ છે, માટે કોઈને ઊંચો કે નીચો ગણવો નહિ, સૌ પર સ્નેહ પર તે ઊંચો અને ક્રોધ કરે તે નીચો - **મહાભારત**
- આજનું ઔષધ : તલનું, બદામનું, સરસવનું તેલ સરખે ભાગે મિક્સ કરી નવશેકું ગરમ કરી કપાળ ઉપર લગાવવાથી માથાનો દુઃખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ક્રોધ, મોહ, લોભ, અહંકારમાંથી કોઈ પણ દુર્ગુણ હોય તે મનુષ્યના પતનનું કારણ બની શકે છે. મહાવીરને શિષ્યે પૂછ્યું, 'મનુષ્યના પતનનું કારણ શું ? અને તેનાથી બચવા આપણે શું કરવું જોઈએ ?' મહાવીરે એક કમંડળ હાથમાં લઈ જવાબ આપ્યો. જો કમંડળ વજનદાર હોય અને તેમાં પાણી પણ વધઆરે ભરી શકાતું હોય તો શું તે ખાલી હોય ત્યારે તેને નદીમાં છોડી મૂકવાથી તે ડૂબી જશે?' શિષ્યે કહ્યું, 'ના જરાય નહીં.' મહાવીરે કહ્યું, 'જો આ કમંડળના જમણા પડખામાં એક કાણું પડે તો તે નદીમાં તરશે કે ડૂબી જશે?' શિષ્યે કહ્યું, 'જરૂર ડૂબી જશે.' મહાવીરે કહ્યું, 'જો તેના ડાબા પડખામાં કાણું પડે તો પણ તે ડૂબી જશે?' શિષ્યે કહ્યું, 'કાણું કોઈ પણ બાજુ પડ્યું હોય, જો કાણું હશે તો કમંડલ ચોક્કસ નદીમાં ડૂબી જશે.' મહાવીરે કહ્યું, 'બસ આ વાત સમજી લો કે ક્રોધ, મોહ, લોભ, અહંકારમાંથી કોઈ પણ દુર્ગુણ હોય તો તે મનુષ્યના પતનનું કારણ બની શકે છે. આથી હંમેશા એ ધ્યાન રાખવું જોઈએ કે દુર્ગુણરૂપી કાણું - ક્યાંક પેદા તો નથી થઈ રહ્યું ને, જેની જિંદગીમાં આવા કાણા નહીં હોય તેનું જીવન નિષ્કંટક હશે. જે વ્યક્તિની જિંદગીમાં, કોઈ પણ પ્રકારનો લોભ હોય, ક્રોધ હોય, વેરભાવ હોય, કોઈ કડવાશ હોય, કોઈ પણ વસ્તુ સાથે મોહ થઈ ગયો હોય, કે જરા પણ અહંકાર હોય. તે માણસે જિંદગીમાં કોઈને કોઈ રીતે મુશ્કેલીઓનો સામનો કરવો જ પડે છે. માનવીની જિંદગી પરમાત્માની પ્રાપ્તિ માટે છે. આવા દુર્ગુણો હશે તો પરમાત્મા સુધી પહોંચી શકાશે નહીં. આપણી નાવમાં દુર્ગુણરૂપી કાણાઓ જ આપણને પરમાત્મા સુધી પહોંચતા પહેલા આપણને ડૂબાડી દેશે.' પ્રભુ પ્રાપ્તિ માટે આ દુર્ગુણોથી બચવામાં જ ભલાઈ છે. શિષ્યને માણસના પતનનું કારણ સમજાઈ ગયું.

ગણેશ ચતુર્થી અને સંવત્સરીનો સંગમ

તંત્રીસ્થાનેથી...

ગાંધીજીએ જેમને રાષ્ટ્રના હૃદય સમ્રાટ ગણાવી તત્કાલીન નેતા ત્રિપુટીમાં સૌથી પ્રભાવશાળી ગણ્યા હતા તેવા લોકમાન્ય બાળગંગાધર ટિળકે ગણેશ ચતુર્થીને રાષ્ટ્રીયતાના રંગે રંગી લોકોત્સવ બનાવી દઈ બ્રિટીશ સરકાર વિરુદ્ધ સ્વાતંત્ર્ય આંદોલન ઉગ્ર બનાવ્યું હતું. ગણતંત્ર માટે ગણેશ યોગ્ય ગણનાયક પણ હતા. મહારાષ્ટ્રના સીમાડા વળોટી આ સૂંઢાળા અને દૂંદાળા મોદકપ્રિય દેવ મૂષક પર ચઢી દેશ અને દુનિયા ધમરોળતા થઈ ગયા છે. ગણેશોત્સવ નવરાત્રી જેવો જ લોકોસત્સવ બની ગયો છે અને શેરીએ શેરીએ મંગલમૂર્તિ ગજાનન એમની આશિષમુદ્રામાં ઉપસ્થિત થઈ રહ્યા છે. ગણપતિને ખુદ દેવાધિદેવ ભગવાન સદાશિવે વરદાન આપી પ્રથમ પૂજનના અધિકારી બનાવ્યા છે. વિઘ્નહર્તા ગણેશ રિદ્ધિ અને સિદ્ધિના પતિ ઉપરાંત બુદ્ધિના ભંડાર છે. જયારે પૃથ્વી પ્રદક્ષિણાનો પડકાર આવ્યો ત્યારે જયેષ્ઠ બંધુ કાર્તિકેય તો મયૂર પર ચઢી ઊપડી ગયા પરંતુ સ્થૂળકાય ગણેશે બુદ્ધિચાતુર્યપૂર્વક માતાપિતા શિવ-પાર્વતીની જ પ્રદક્ષિણા કરી જંગ જીતી લીધો હતો. ભગવાન વેદવ્યાસ જયારે મહાભારત જેવો ઉત્કૃષ્ટ ગ્રંત રચવા બેઠા ત્યારે 'રાઈટર'નો રોલ ગણેશજીના જ ફાળે આવ્યો. એમની શરત પણ કેવી! પોતે સતત લખતા રહેશે પણ કવિએ અટક્યા વગર નવા નવા શ્લોક રચી લખાવતા રહેવું પડશે. બેઉ એકમેકને આંટી જાય એવી દિવ્ય પ્રતિભાઓ ! ગણપતિને વિઘ્નહર્તા દેવનું બિરુદ સાંપડેલું છે. કોઈ પણ હિંદુ મંદિરમાં ગણેશની ઉપસ્થિતિ અનિવાર્ય છે. માતાની આજ્ઞા ખાતર માથું વધેરાવા તૈયાર થયેલ શિવપુત્રનો જન્મ પણ કેવો અયોનિજ! એ પાર્વતીના મેલમાંથી ઘડાયેલો લાડકો પુત્ર છે. આજે જયારે સ્ત્રી પુરુષસંયોગ વગર પણ માતૃત્વ ધારણ કરતી થઈ છે ત્યારે ગણપતિનું કથાનક કેટલું પ્રાસંગિક લાગે છે!

ગણેશ ચતુર્થી આવડો મોટો લોકોત્સવ હોવા છતાં સરકારી રજા સંવત્સરીના નામે ઉધારાય છે. સંવત્સરી એ જૈન સંપ્રદાયના પર્વાધિરાજ પર્યુષણનો સમાપ્તિદિન છે. સંવત્સરી ક્ષમાપનાનું પર્વ છે. 'મિચ્છામિ દુક્કડં' કહી જૈન શ્રાવકો એકમેકની શ્રમા માગે છે. કોઈએ ગમે તેવી કઠોર પીડા પહોંચાડી હોય તો પણ એને ક્ષમા કરી દેવાનું વીરવચન છે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્:' ક્ષમા વીરને જ છાજે કાયરની ક્ષમા તે ક્ષમા નહીં. એ તો એની મજબૂરી છે. શ્રીમદ્ રાજચંદ્ર ક્ષમાને મોક્ષનો ભવ્ય દરવાજો ગણાવે છે. ભગવાન મહાવીરે એમને અપાર પીડા પહોંચાડનારા જીવો પ્રત્યે કરુણા દાખવી એમને ક્ષમા આપી દીધી હતી. જૈન ધર્મમાં ક્ષમા ઉપરાંત અહિંસાનો ભરપૂર મહિમા છે. જીવ માત્રને જીવવાનો અધિકાર છે - એ આદર્શવાદી સિદ્ધાંત કદાચ અમલમાં મૂકવો અઘરો છે, પરંતુ જૈન ધર્મ એનું પ્રતિપાદન કરી અહિંસાની વિભાવના ચરિતાર્થ કરે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ એક કોઈ જીવ પણ જીવવાનો મૂળભૂત અધિકાર ધરાવે છે. તે સૌ પ્રથમ વિશ્વને જૈન દર્શને જ શીખવ્યું છે. એ દૃષ્ટિએ જૈનધર્મ એ માનવતાનું સર્વોચ્ચ શિખર છે. પર્યુષણ પર્વ દરમિયાન શ્રાવકો અઠ્ઠાઈના ઉપવાસ કરે છે. આવું તપ એમને નીરોગી બનાવી નવી ઉર્જા બક્ષે છે. જૈન ધર્મમાં 'પ્રતિક્રમણ' અર્થાત્ પ્રાયશ્ચિત્તની પણ અદ્ભૂત વિભાવના છે. હજારો વર્ષોથી સતત વિચરણ કરતા જૈન મુનિઓ અને આચાર્યોનું ભારતીય સાહિત્ય - સંસ્કાર ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના આદેશથી મહારાજા કુમારપાળે ગુજરાતમાં જૈનધર્મને રાજધર્મનો દરજ્જો આપ્યો હતો. ખરું પૂછો તો એમાં વિશ્વધર્મ બનવાની સંભાવનાઓ છુપાયેલી છે. સૌ જૈન ભાઈબહેનોને આજના પાવ સંવત્સરી પર્વની હાર્દિક શુભકામનાઓ. મિચ્છામિ દુક્કડં !

બાળકોમાં કરોળિયા અને તેના ઉપચાર

પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

આપણે ત્યાં ખાસ કરીને નાના બાળકો અને ઘાને અંશે યુવાનોમાં મોં પર, છાતી પર તેમજ પીઠ પર સફેદ ચકામાં જોવા મળે છે. આ ચકામાં માંથી ક્યારેક ફોતરી પણ ખરે છે. આ ચકામાં ભેજવાળા વાતાવરણમાં વધુ થાય છે. તેમાં કોઈ ખંજવાળ કે બળતરા નથી થતી પણ મોં પર હોવાથી ઘણી વખત બહુ ખરાબ દેખાય છે. આ ઉપરાંત આવા સફેદ પ્રકારના ચકામાં હોવાથી માં-બાપને ક્યારેક બાળકને કોઢ હોવાનો સંદેહ પણ બેસે છે.

આ સફેદ વિવર્ણ ચકામાં એ કોઢ નથી. આયુર્વેદમાં આ રોગને સીધ્મ કહેલ છે. આધુનિક મેડીકલ શાસ્ત્ર આ રોગને 'ટીનિયા વરસીકોલર' કહે છે. અને આપણે આપણી ભાષામાં આને કરોળિયા કહીએ છીએ.

આધુનિક મેડીકલ શાસ્ત્રમાં આ રોગ થવા પાછળનું કારણ એ કૃમિ (ફંગસ ઈન્ફેકશન), કુપોષણ અથવા પોષણનો અભાવ અને વધુ પડતો પરસેવો માનેલ છે. આયુર્વેદમાં સીધ્મ થવા પાછળનું મૂળ કારણ આહાર છે. વિરુધ્ધાહાર જેવો કે દૂધ સાથે ડુંગળી કે ખાતા ફાળો ખાવા, પચવામાં ખૂબ ભારે ખોરાક જેમકે મેંદો, બ્રેડ, બિસ્કીટ આડી ખાવા, વધુ પ્રમાણમાં દહીં ખાવું આદિ થી કરોળિયા નીકળે છે.

હવે વાત કરીએ કરોળિયાની ચિકિત્સાની. આ રોગ આયુર્વેદ વડે સહેલાઈથી મટી શકે છે. સૌ પ્રથમ તો ખાવા પીવાની બાબતમાં કાળજી લેવી. ઉપર વર્ણવ્યા મૂજબ જે આહાર કરોળિયા કરે કે તેને વધારે તેવો હોય તે બંધ કરવા. આયુર્વેદમાં સિધ્મને મટાડવા માટે ખૂબ બધા ઔષધોનું વર્ણન છે જેમકે વાવડીંગ, કાન્ગસીયો, ઈન્દ્રજવ, લીમડો, ખેરછાલ, ગરમાળો, કણજી આદિ.

આ ઉપરાંત અમુક ઔષધ યોગો પણ છે જેવાકે આરોગ્યવર્ધીની વટી, પથ્યાદિ ઘનવટી, વિડન્ગારિષ્ટ, કૃમીકુઠાર રસ, ગંધક રસાયણ આદિ...

આ ઉપરાંત કરોળિયા પર લગાવવા માટે કરંજ તેલ, સરસવનું તેલ કે ચન્ડમારુતમ (માખણ સાથે) લગાવી શકાય.

આ ઔષધો તેમજ ઔષધ યોગોને વૈધની સલાહાનુસાર સપ્રમાણ અને નિયમિતપણે આપવાથી કરોળિયા ચોક્કસથી મટી શકે છે.

-contact@atharvaayu.com

'ગણપતિ બાપ્પા મોરયા'

લાગણીનો મેળો

રસિક વાળંદ

જય ગણેશ ગણનાથ દયાનિધિ સકલ વિઘ્ન કર દૂર હમારે,
પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારો ઉનકે પૂર્ણ કારજ સારે.

ગણેશ ચતુર્થી આવે એટલે 'ગણપતિ બાપ્પા મોરયા' ના જયઘોષ વાતાવરણમાં પડઘાય... આ 'મોરયા' એટલે નમસ્કાર. મતલબ કે 'ગણપતિ બાપાને નમસ્કાર.' એવો અર્થ થાય. કેટલાકના મતે મોરેશ્વર નામના ગણપતિ ભક્તનું નામ ગણપતિબાપા સાથે જોડાઈ ગયું એમ પણ માને છે.

ગણેશ ચંતુર્થી એ ચંદ્ર જોવાનો નિષેધ છે. આ દિવસ એટલે ગણપતિની ચતુર્થી અવસ્થા એટલે કે તુર્યાવસ્થા સુધીની સિદ્ધિનું સૂચન કરે છે. સાધકે તુર્યાવસ્થા સુધીની સિદ્ધિએ પહોંચવું હોય તો મનની એકાગ્રતા કેળવવી પડે. ચંદ્ર એ મનનો કારક છે. આપણું મન મર્કટ -માંકડા જેવું છે. સતત નાચતું - કૂદતું રહે છે. ચંદ્રની કલાની વધઘટની જેમ મન અસ્થિર રહે તો જીવનવિકાસ થંભે. મનના તાલે નાચીએ તો અધઃપતન થાય એવી ભાવના અહીં ગર્ભિત છે.

હવે ગણપતિ મહારાજના દિદાર - દેખાવ સંદર્ભે વિચારીએ... આમ તો કોઈ પણ પોતાના દીકરાનું ન ઈચ્છે એવું ગણપતિનું રૂપ છે. છતાં ઋષિઓએ કોઈ પણ શુભકાર્યમાં ગણેશજીના અગ્રપૂજનને મહત્વ આપ્યું છે. પૌરાણિક કથાનક મુજબ ભગવાન શિવજી હાથીનું મસ્તક ધડ પર બેસાડી શક્યા તો ગણેશજીનું પોતાનું જ માથું પાછું કેમ ન જોડી શકે? પરંતુ પુરાણોની ભાષા ભાવગર્ભિત તેમજ લક્ષણા અને રૂપકોથી ભરેલી છે. કે જેથી બુદ્ધિશાળીઓ બુદ્ધિ કસીને ભાવગર્ભિત અર્થ કાઢી શકે જયારે બાળકબુદ્ધિના લોકો લોકો વાર્તારૂપે વાંચીને આનંદ પામે છે.

દોસ્તો,

ગણપતિ સ્થાપનથી ગણેશ વિસર્જન કરવા પાછળ સગુણ સાકારને નિર્ગુણ નિરાકારમાં વિલિન કરવાની ભાવના છે. ગણપતિ વિસર્જન એટલે વિરાટની પૂજાનો પ્રારંભ.

ગણપતિપૂજનનો આદર્શ જીવનમાં સાકારિત કરી અનંતવિઘ્નો પાર પાડવાનું સામર્થ્ય દેખાડનારા ઋષિમુનિઓને અનંત પ્રણામ...!!!

rasikvaland1965@gmail.com, Mo. 9913446949

પ્રેમ, શુધ્ધતા અને સજ્જતા થકી સાર્થકતા એટલે કૃષ્ણ... મારી દૃષ્ટિએ

અબીલ-ગુલાલ

મમતા રાવલ

શિવના વૈશ્વિક સ્વરૂપ વિશે લખ્યું ત્યારે કૃષ્ણ અચૂક યાદ આવેલાં... પરંતુ કૃષ્ણની અગાધતા ને સ્પર્શવાની હામ નહોતી દાખવી શકી. એમના વિશે લખાણોથી પૂર્તિ અને મેગેઝીનો છલકાયા... પરંતુ એક સહેલીની ઈચ્છા હતી કે કૃષ્ણ વિશે અબીલ ગુલાલમાં, આ કોલમમાં લખાય. એની આ પ્રેમથી વ્યક્ત કરેલી ઈચ્છા અને મારું અનહદ પ્રિય પાત્ર કૃષ્ણએ મને છેવટે આ લખાણ માટે પ્રેરણા પૂરી પાડી છે.

કૃષ્ણ વિશે જે પણ લખીએ એ ક્યાંક તો લખાયું જ હોય... કોઈના વિચારોમાં અભિવ્યક્ત થયું જ હોય. પરંતુ મને જે હંમેશા સ્પર્શ્યું એ એમનું કર્મયોગી સ્વરૂપ અને વચનબધ્ધતા. અનેક રંગોથી રંગાયેલું કૃષ્ણનું વ્યક્તિત્ત્વ દરેકને હંમેશા ખૂબ પોતીકું લાગે એવું મઝાનું છે. કેવી સરસ વિશિષ્ટતાઓ આ મહામાનવે, માનવીય રૂપમાં ઉદાહરણ તરીકે આપણી સૌ સમક્ષ મૂકી છે. જીવન દરમિયાન અનેક પાત્રો સાથે એમનો વ્યવહાર અને સંવાદોની આપ-લે આપણે જયારે જોઈએ કે વાંચીએ ત્યારે 'વાહ' બોલાઈ જાય. ક્યારેક એ મુત્સદી લાગે... ક્યારેક એ કપટી લાગે... ક્યારેક સ્વાર્થી અને ક્યારેક પ્રેમી. પરંતુ આ બધા બિરૂદોમાંથી પસાર થઈને આ મહામાનવ જયારે બીજા કિનારે નીકળે ત્યારે આ બધા ઉપનામ લાકડી પર ટીંગાયેલા જીર્ણ વસ્ત્રો જેવા ક્ષુલ્લક ભાસે. પ્રત્યેક રૂપમાં, પ્રત્યેક સંજોગોમાં કર્તવ્ય પાલન જેણે કર્યું અને શીખવ્યું, એના હૃદયમાં આટલો પ્રેમનો સાગર ઘૂઘવતો હશે એ એજ અનુભવી શકે જે એના પ્રેમમાં લીન હોય. સંગીતના સૂરો સાથે તાદામ્ય સાધતા એના વ્યક્તિત્ત્વની મોહકતા અને મધુરતા સાથે કૃષ્ણના ગીતા ઉપદેશ નો પ્રસંગ અને અનેક વિકટ નિર્ણયોની અડગતાનો મેળ બેસાડવો ખૂબ અઘરો લાગે. માનવ તરીકે જન્મ લીધા બાદ જન્મથી સમાધિ સુધી કૃષ્ણએ અપરંપાર લીલાઓ દ્વારા માનવજીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું છે. જીવનના કોઈ પણ તબક્કે જ્યાં અટકીએ ત્યાં કૃષ્ણ જીવંત સ્વરૂપે હાજર જ છે. એમના પ્રત્યેક નિર્ણયોમાં સાંસારિક વ્યવહારુતા છે... એ કુટુંબકલેશ હોય કે રાજકીય કલેશ, પ્રેમની વાત હોય કે, દારિદ્રયના સ્વીકારની વાત હોય કે તિરસ્કારની. એ બધાના પાયામાં એમણે જે શીખવ્યું, જે પણ ઉપદેશ આપ્યો એમાં મહત્ત્વનો હતો, 'વચનબધ્ધતા'. પોતાનું જાત સાથેનું, પોતાનું સંબંધો પ્રત્યેનું, પોતાનું સમાજ પ્રત્યેનું, પોતાનું કુટુંબીજનો પ્રત્યેનું... અને પ્રત્યેક ક્ષણ જે જીવાયું તે હતી વચનબધ્ધતા. કૃષ્ણ મને ખૂબ ગમે... કાનો મને બહુ વ્હાલો... મારા ઠાકોરજી જેવું કોઈ જ નહી... મારા યોગેશ્વર એ યુગ પુરુષ... મારા શ્રીનાથજી પ્રભુજી... મારો શામળિયો કામણગારો... આ હા હા હા.! ક્યાંક પૂરા ન થાય આ સંબોધનો. પ્રેમ — વ્હાલ અને વિશ્વાસથી તરબતર આટલા સંબોધનો જગતમાં કોઈ દેવી - દેવતા ને પ્રાપ્ત નથી.

કૃષ્ણ, કાનો, ઠાકોર, યોગેશ્વર, શ્રીનાથજી, શામળિયો... પ્રેમ – વ્હાલ અને વિશ્વાસથી તરબતર આટલા સંબોધનો જગતમાં કોઈ દેવી - દેવતાને પ્રાપ્ત નથી

એને ઈશ્વર કહેવો કે સખા... ગુરુ કહેવો કે મિત્ર... માર્ગદર્શક કહેવો કે મુત્સદી... બધા જ વિશેષણોને પડતા મૂકી છેવટે એના શરણે થઈ જવું... એનામાં ઓતપ્રોત થઈ જવું એ જ પરમની પ્રાપ્તિની અનુભૂતિ બની રહે છે. સમજ, તર્ક અને બુધ્ધિની પેલે પાર આ કાનજી — કૃષ્ણ — કાનુડાનું વ્યક્તિત્ત્વ ખૂબ લોભાવનારું, પોતાની તરફ આકર્ષનારું અને છતાં પોતાનામાં અવિચળ વર્તાય. પ્રેમ કરનાર વિરહમાં તડપવા છતાં એને વિસારે ન પાડી શકે... બુધ્ધિમાં હરાવી દેવાની ખેવનાવાળા પાત્રો એને ખાળી ન શકે... શક્તિથી હંફાવવાનો પ્રયત્ન કરનાર હાંફી જાય... તો શું ગજું છે આપણું એક સામાન્ય માનવીનું કે આ વિરાટ સ્વરૂપને વશમાં કરી શકીએ ? એને માત્ર ભજી શકાય, એને બાંધી ન શકાય એને પ્રેમ કરી શકાય એને પ્રાપ્ત ન કરી શકાય.

વાસ્તવિક જીવનમાં ડગલે ને પગલે કૃષ્ણચરિત્ર રાહ ચીંધનાર બની શકે એમાં કોઈ મીનમેખ નથી.

''કર્મણ્યે વાધિકારેષુ મા ફલેષુ કદાચના '', '' યોગઃ કર્મષુ કૌશલમ્ '' જેવા વચનો આ જીવનને એક યજ્ઞ સ્વરૂપમાં પલટાવી દેવા માટે પૂરતા છે. જીવન મારું — મારું કહીને માળા જપનાર આપણને જીવન બીજાનું છે, બીજા માટે છે એ શીખવનાર - સંદેશ આપનાર કૃષ્ણ છે. જીવન આપનાર ને આપણે જીવન પરત સોંપવાનું છે. આપણે એના માલિક નહીં ભાડુઆત છીએ. એણે આપેલું જીવન એટલું જ સ્વચ્છ અને વધુ ઉજળું કરીને પરત સોંપી શકીએ એ માટે એણે સંસારની તમામ જવાબદારી નિભાવતાં — નિભાવતાં યોગ્ય વૈચારિક અને વ્યવહારિક આચરણોને ખૂબ સરળ અને સામાન્ય જનને પણ સમજમાં આવે એ રીતે જીવી બતાવ્યા છે.

આટલી વચનબધ્ધતા અને કર્મયોગ છતાં કૃષ્ણએ જીવનમાં સહજતા ને પણ સુંદર રીતે જીવી બતાવી છે. સહજની જાળવણી માટે નિયમોના બંધન તોડવાની, સંબંધોમાં અહમ્ ને નગણ્ય બનાવવાની કૃષ્ણએ શીખ આપી છે. ભીષ્મ અને કર્ણ બંનેએ પ્રતિજ્ઞા પાલનની જીદ છોડી હોત તો ઈતિહાસ જુદો જ હોત. કૃષ્ણએ પોતે લીધેલી પ્રતિજ્ઞાને જીદ ન બનવા દઈને મહાભારત યુધ્ધમાં શસ્ત્ર તરીકે રથના પૈડાનો સહારો લીધો હતો. પરમેશ્વર તરીકે આટલો વ્યવહારુ અભિગમ બીજે ક્યાંય જોવા મળતો નથી. સતત પ્રવાહિતા, બૌધ્ધિક્તા, પારદર્શકતા, ક્લાત્મકતા, પ્રેમ, શુધ્ધતા અને સાર્થકતા એટલે કૃષ્ણ મારી દૃષ્ટિએ...

અનેક મહાનુભાવોએ કૃષ્ણને પોતપોતાની રીતે મૂલવ્યો છે...વિનોબાભાવેજી ના ગીતાના પ્રવચનો, કિશોરલાલ મશરૂવાળાની ગીતા ધ્વનિ, સચ્ચિદાનંદજીની શ્રીકૃષ્ણ લીલા રહસ્ય, પાંડુરંગ આઠવલેજીનું ગીતામૃતમ, રવિશંકર મહારાજ જેવાના અનેક પુસ્તકમાં કૃષ્ણ છવાયેલો છે. શ્રી કાજલ ઓઝા વૈદ્યનું આધુનિક દૃષ્ટિકોણ અને રસાળ શૈલીમાં કૃષ્ણનું જીવન ચરિત્ર આલેખતું પુસ્તક ''કૃષ્ણાયન'' ખૂબ પ્રચલિત થયું છે. કાવ્યો અને ગીતોમાં વણાયેલો કૃષ્ણ સતત આપણાં હૈયે વસે છે... હોઠોં પર રમે છે. કવિ શ્રીકૃષ્ણ દવેનું આધુનિક સ્પર્શવાળું એક કાવ્ય મને ખૂબ ગમે છે.

''વાંસલડી.com મોરપીંછ.com, .com વૃંદાવન આખું...
મારા કાનજીની Website એટલી વિશાળ છે કે ક્યા ક્યા નામ એના રાખું? ''

શ્રી ગણેશજીને વધામણાં અને સૌ વાચક મિત્રો ને મિચ્છામીદુક્કડમ ...

આટલી વચનબધ્ધતા અને કર્મયોગ છતાં કૃષ્ણએ જીવનમાં સહજતા ને પણ સુંદર રીતે જીવી બતાવી છે. સહજની જાળવણી માટે નિયમોના બંધન તોડવાની, સંબંધોમાં અહમ્ ને નગણ્ય બનાવવાની કૃષ્ણએ શીખ આપી છે. ભીષ્મ અને કર્ણ બંનેએ પ્રતિજ્ઞા પાલનની જીદ છોડી હોત તો ઈતિહાસ જુદો જ હોત. કૃષ્ણએ પોતે લીધેલી પ્રતિજ્ઞાને જીદ ન બનવા દઇને મહાભારત યુધ્ધમાં શસ્ત્ર તરીકે રથના પૈડાનો સહારો લીધો હતો. પરમેશ્વર તરીકે આટલો વ્યવહારુ અભિગમ બીજે ક્યાંય જોવા મળતો નથી. સતત પ્રવાહિતા, બૌધ્ધિક્તા, પારદર્શકતા, ક્લાત્મકતા, પ્રેમ, શુધ્ધતા અને સાર્થકતા એટલે કૃષ્ણ મારી દૃષ્ટિએ...

ભગવતીકુમાર શર્માની ગઝલસૃષ્ટિ

મનના ઉમંગો

રણછોડ પરમાર

મારા મરણનો બીજો પુરાવો શું જોઇએ ? લોકોના હોઠ પર હવે મારા વખાણ છે !

ગુજરાતના સુપ્રસિધ્ધ લેખક-કવિ અને પત્રકાર તારીખ ૫.૦૮.૨૦૧૮ ના રોજ અવસાન પામ્યા તે પછી વર્તમાનપત્રોમાં શ્રી ભગવતીકુમારના લેખન અને જીવનના અનેક લખાણો સતત છપાઈ રહ્યા છે. ગાંધીનગર સમાચારમાં તો તંત્રીલેખમાં જ એમના જીવનકાર્યોની ઝાંખી કરાવવામાં આવી હતી. (ગાંધીનગર સમાચારની એ મુખ્ય વિશેષતા છે.) ગાંધીનગરમાં આઠમી તારીખે મળેલી ત્રિદલ સંસ્થાની બેઠક ખાસ તો ધોરણ દસ અને બારમાં ઉચ્ચતમ ગુણ લાવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો કાર્યક્રમ હતો, છતાં પ્રવચનકારો શ્રી દલપતભાઈ પઢિયાર અને ભાનુભાઈ પુરાણી દ્વારા તેમને ખાસ યાદ કરવામાં આવ્યા. બે મિનિટનું મૌન પણ પાળવામાં આવ્યું. તે જ દિવસે બપોર બાદ મળેલી માતૃભાષા સંવર્ધનની કાર્યશાળામાં ફરી એમને સંભાળવામાં આવ્યા.સુરતના જ કવિ શ્રી ધ્વનિલભાઈ પારેખે તેમના શ્રી શર્માજી સાથેના અનેક સંસ્મરણો કહ્યાં. શ્રી ધ્વનિલભાઈએ મોબાઈલ પર શ્રી ભગવતીકુમાર શર્માના અવાજમાં બે ગઝલ પણ સંભળાવી. બીજા દિવસે રવિવારે ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક હતી. આ બેઠક તો શ્રી ભગવતીભાઈને શ્રધ્ધાંજલિ આપવા જ બોલાવવામાં આવી હતી. તેમાં શ્રી કેશુભાઈ દેસાઈ, ધ્વનિન પારેખ અને શ્રી નટવરભાઈ હેડાઉએ શ્રી ભગવતીકુમાર સાથેની અનેક યાદોને શ્રોતાઓમાં વહેંચી. ત્રિદલની સભામાં અધ્યક્ષ રહેલા શ્રી દલપતભાઈ અહી શ્રોતા તરીકે હાજર રહ્યા હતા. આમ શ્રી ભગવતીભાઈની અનેક વાતો થઈ છે ત્યારે; આપણે એમના સાહિત્ય અંગે અને એમાંયે કાવ્યો બાબતે અને એમાંયે વળી એમની પ્રિય પ્રવૃતિ ગઝલ લેખન વિષે થોડીક વાત કરીએ તો સારું રહેશે એમ મને લાગે છે.

ગઝલો તો બેસુમાર લખાય છે પણ શ્રી ભગવતીકુમારની ગઝલ કેમ અલગ છે અને કેવી અનોખી છે તે જોવા તો આપણે તેમની ગઝલ પાસે જ જવું પડે.

અમે વૃક્ષ ચંદનનું ચિરાઈ ચાલ્યા; છીએ લાગણીવશ તે લીરાઈ ચાલ્યા.
રહીશું અમે ટેરવાંની અડોઅડ; હથેળીમાં તારી લકીરાઈ ચાલ્યા.
અમે મહેતા નરસીની કરતાલ છૈયે; અને મંજીરા થઈને મીરાંઈ ચાલ્યા.
અમે એકતારામાં રણઝણતા જોગી; અજાનોમાં ગુંજી ફકીરાઈ ચાલ્યા.
પડી જળનાં ચરણોમાં કાંઠાની બેડી; છીયે આતમા, પણ શરીરાઈ ચાલ્યા.

ભીમે જરાસંઘને આખેઆખો ઊભો ચિરી કાઢ્યો હતો એ મહાભારતની કથા કોઈને યાદ આવે તો આવે પણ સ્વયં ઊભેઊભા ચિરાઈ જવાનું કેવી રીતે બને ? અને બને તો એ કેટલું વેદનામય હોય ? અમે કોઈ સામાન્ય વૃક્ષ નહોતા. ચંદનનું વૃક્ષ હતા. માથે કોઈ વીજળી પડી હશે અને આખું વૃક્ષ ચિરાઈ જાય એવી આપણને કલ્પના કેવી રીતે આવે ? ચિરવું ક્રિયાપદથી ''ચિરાઈ ચાલ્યા'' એવું લખવાનું ભાગ્યેજ કોઈ લાગણીવશ કવિને સૂઝે. હવે લીરા જેવા શબ્દ પરથી લીરાઈ જવાની વાત કેટલી કરુણ થઈ જાય છે ? એજ રીતે લકીર પરથી લકીરાઈ, શરીર પરથી શરીરાઈ , ફકીર પરથી ફકીરાઈ જેવા ક્રિયાપદો તો કવિએ બનાવી દીધા અને કાફિયામાં સેટ કરી દીધા. પણ મીરાં જેવાં સ્પષ્ટ સર્વનામમાંથી '' મીરાંઈ ચાલ્યા'' કહેવું તો ભાઈ કોઈ જાદુગર કવિથી જ બની શકે.મેં તો આ ગઝલની સાવ ઉપર ઉપરથી વાત કરી છે. પણ આખી ગઝલ બેમિસાલ છે. તમને આ ગઝલનો દરેક શેર એક અનોખી અનુભૂતિ કરાવશે. ત્રિદલના કાર્યક્રમમાં શ્રી દલપતભાઈએ ભાષાને સમૃધ્ધ કરવાની જે વાત કરી હતી. તે આવા સાહિત્યકારો દ્વારા જ થાય છે.હમણાં તમે વૃક્ષની વાત સાંભળી તો ભગવતીભાઈ વૃક્ષની બીજી વાત તો કેવી કરે છે, ખબર છે ?

આ છાંયડાના કસુંબાઓ ગટગટાવી લ્યો !
નગરનું વૃક્ષ છું ; કોઇ પણ ક્ષણે વઢાઈ જઈશ.

'કોઈને હૈયા મહીં સ્થાપી શકાય છે



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'મેં એકલી એ જ પેદા કર્યા છે ?' પત્ની તાડુકીને બોલી.
'તો, શું મારે જ ધ્યાન રાખવાનું ?' પતિએ પ્રશ્ન કર્યો.
'બધું મારે જ કરવાનું ? ' પત્ની અકળાઈને બોલી.
'બ્હારનું અને ઘરનું બન્ને મારે જ કરવાનું ?' પતિને પણ ગુસ્સો હતો.
'બાળકોને સંભાળવાની તમારી પણ ફરજ છે.'
'હા... હા.... ખબર છે. આખો દિવસ ટીવી જોવું છે ને.... પાછું !'

જય અને જયુ. બન્ને કોલેજમાં સાથે ભણતાં-રમતાં અને રખડતાં. બન્ને વચ્ચે દોસ્તી અને પછી પ્રેમ થઈ ગયો. બન્નેના ઘરનાં વડિલોનાં વિરોધ વચ્ચે તેમનો પ્રેમ જીતી ગયો. સમાજની અને સંસારની ઠોકરો ખાઈને બન્નેએ દામ્પત્ય જીવનનો એકડે એક ઘૂંટયો. મલ્ટીનેશનલ કંપનીમાં જયને સીઈઓ તરીકે નોકરી મળી. બન્નેમાં આનંદ-આનંદ. સમય પસાર થતાં કયાં વાર લાગે છે ? બે ફુલ જેવાં બાળકોને લઈ સાંજે બાગમાં બન્ને જણા રમાડવા જતાં. પોતે પણ રમતાં કલરવ-કિલ્લોલ કરતાં. પરંતુ જયારથી બાળકો બાલમંદિર જતાં થયા છે એક બીજાની ત્યારથી બન્ને વચ્ચે બોલાચાલી વધી ગઈ છે. મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે બાળકોની જવાબદારી કોની ? બે પ્રિયજન વચ્ચેની સમજદારીની જગ્યા જવાબદારી લઈ લે ત્યારે પ્રશ્નો સર્જાતા હોય છે. ખામીઓ શોધીને ફરિયાદ કરવા જેવું સહેલું કામ એક પણ નથી. સવારે વહેલાં ઉઠવાનું. ઘરનું કામકાજ કરવાનું. ચા-નાસ્તો રસોઈ વગેરે બનાવવાનું, બાળકોને તૈયાર કરવાના. અન્ય વ્યવહારો સાચવવાના. આ બધું જ જો પત્નીએ કરવાનું હોય તો પછી પતિને ભાગે કયું કામ આવે છે ?

પતિ-પત્ની એકલા રહેતાં હોય અને બન્ને નોકરી કરતાં હોય ત્યારે બાળકોને સાચવવાની સંભાળવાની જવાબદારીનો પ્રશ્ન મોં ફાડીને ઊભો રહે છે. હવે તો રસોડું પણ પાતિ સંભાળી શકે તેટલો કૌશલવાળો થયો છે. બાળકો સહિત બધું જ, બન્નેનું છે, સહિયારું છે. અલબત્ત,ઘર સાચવનારી ગૃહિણીનું કાર્ય અનેકગણું ચડિયાતું છે. રોજિંદા કાર્યની અસર સંબંધો પર પડે ત્યારે સંબંધોનો મૂળાધાર પ્રેમ ડગમગવા માંડે છે.

પ્રેમની જગ્યા જયારે 'ઈગો' લઈ લે છે ત્યારે સંબંધો વેન્ટીલેટર પર મુકાઈ જતાં હોય છે. સંબંધો તોડવા સહેલાં પણ ટકાવવા અઘરાં. કોઈ નાનકડી બાબત માટે સંબંધો દાવ પર લાગી જાય તે પરસ્પરની સમજણનો અભાવ દર્શાવે છે.

બન્ને વચ્ચે એક અદૃશ્ય સેતુ રચાતો હોય છે અને તે સમજદારીનો સેતુ. સંસારના આદર્શ કપલોમાં આ સેતુ ખૂબજ મજબૂત હોય છે. સમજણનો સેતુ હાલક-ડોલક થાય ત્યારે પ્રિયજન વચ્ચેના સંબંધો પણ હાલી જતાં હોય છે. પ્રિયજન સાથેના સંબંધો તંદુરસ્ત રાખવામાં માત્ર પ્રેમ પૂરતો નથી હોતો, પ્રેમની સાથે સાથે સમજણનું મોણ પણ જરૂરી બને છે. કારણ કે જે સંબંધો આપણને આનંદ-ખુશી આપી શકે છે સૌથી વધુ દુઃખ પણ એ જ આપે છે. એની આદતો, બોલવું, ચાલવું, વિચારવું, ખાવુ-પીવું, ઊંઘવું પહેલાં જે બધું જ, ખૂબ જ ગમતું હતુ તે આજે કયાંક ને કયાંક કઠવા લાગ્યું છે એની કેટલીક વાતો આજે ગમતી નથી. આનો અર્થ એ નથી કે પ્રિયજન માટે પ્રેમ ઓછો થયો છે ! ના... ના... જરાય નહિ. પ્રેમ એટલો જ છે. પરંતુ જીવનનાં કોઈક તબકકે પ્રેમને સમજણના ટેકાની જરૂર પડે છે. બે માંથી કોઈ એકજણ પણ આ સમજણના સેતુને સમજે છે, ત્યારે સંબંધો ટકી જતાં હોય છે. વિશ્વપુસ્તક દિને વાચેલું આ લખાણ કામ કરી ગયું. સાંજ પડી એટલે બાળકો સાથે બન્ને જણા પુનઃ આનંદ-કિલ્લોલ કરતાં-કરતાં હસી પડયા.

મિસરી

'કોઈને હૈયા મહીં સ્થાપી શકાય છે
પ્રેમના માગો ફકત આપી શકાય છે
તૂટતો સંબંધ જાણે શીખવી ગયો
આંગળીના નખ હજી કાપી શકાય છે.'

- સલીમ શેખ 'સાલસ'

santoshdevkar03@gmail.com